# શિક્ષણ વિભાગના તા.૨૬/૬/૨૦૧૫ ના પરિપત્ર ક્રમાંક:પરચ/૨૦૧૫/૮૪/ખ-૧ સાથેનું પરિશિષ્ટ

| ક્રમ | સંસ્થાએ આપવાની વિગત | સ્થાનિક તપાસ સમિતિના રીમાર્કસ | યુનિવર્સીટીનો અભિપ્રાય |
|---|---|---|---|
| ૧ | જે વિસ્તારમાં નવી કોલેજ શરુ કરવાની દરખાસ્ત છે તે વિસ્તારમાં સમાન વિદ્યાશાખા/વિષયની નવી કોલેજ શરુ કરવાની જરૂરિયાત છે તે બાબતે સંસ્થાની સ્પષ્ટતા આપવી. | | |
| ૨ | કોલેજ સંયુક્ત શિક્ષણની શરુ કરવાની છે કે માત્ર મહિલા કોલેજ શરુ કરવાની છે ?તે જણાવવું. | | |
| ૩ | તે વિસ્તારમાં કેટલી હાયર સેકન્ડરી શાળાઓ છે ? તેમાંથી દર વર્ષે હાયર સેકન્ડરી પરીક્ષામાં કેટલા વિદ્યાર્થીઓ બેસે છે ? સરેરાશ પરિણામ કેટલું આવે છે? તે દર્શાવીને આ માટે જે તે શાળાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર સામેલ રાખવું. | | |
| ૪ | સંચાલન કરનારી સંસ્થા/ટ્રસ્ટની સંપુર્ણ વિગતો આપવી.તેમાં મુખ્ય ટ્રસ્ટી અને સગાવહાલાનું પ્રમાણ કેટલું છે ? તે અંગે લેખિત પ્રમાણપત્ર સામેલ રાખવું. | | |
| ૫ | ટ્રસ્ટ રજીસ્ટ્રેશનની વિગતો આપવી. | | |
| ૬ | મુલાકાતની તારીખે ટ્રસ્ટ/સંસ્થા પાસે મિલ્કતો,અસ્કયામતો વગેરેની વિગતો (૭/૧૨ ના ઉતારા,મકાન બાંધકામ પ્રમાણપત્ર,પ્લાન,નકશાની વિગતો આધાર સાથે) આપવી. | | |
| ૭ | ટ્રસ્ટ/સંસ્થાની બિન વિવાદાસ્પદ માલિકીની જમીનની વિગતો આપવી. | | |
| ૮ | હાલના અને ભવિષ્યના વિકાસને અનુરૂપ કોલેજ બિલ્ડિંગ છે કે કેમ ? તેની વિગતો આપવી. | | |
| ૯ | એકેડમિક બિલ્ડિંગમાં સગવડતાઓ-સેમીનાર રૂમ,લેબોરેટરી તથા વિદ્યાર્થીઓ અને સ્ટાફના વિવિધ ઉપયોગ માટેનું ઓડીટોરીયમ અને અન્ય સુવિધાઓ અંગે વિગતો આપવી. | | |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | કેન્દ્ર/રાજ્ય સરકાર/ પીડબલ્યુડી/ મ્યુનિસિપાલીટી/ ગ્રામ પંચાયતના પાણી, વીજળી, હવાઉજાસ, ટોયલેટ, ગટરલાઈન અંગેના પ્રમાણપત્રો સહીત બી.યુ. પ્રમાણપત્ર સામેલ રાખવા. | | |
| ૧૧ | સંસ્થા/ટ્રસ્ટ પાસે બોજા મુક્ત એફ.ડી.આર. હોય તેની આધાર સહીત વિગતો આપવી. | | |
| ૧૨ | સંસ્થા/ટ્રસ્ટ પાસે બોજા મુક્ત બેંક બેલેન્સ છે કે કેમ ? જો હા,તો આધાર-પુરાવાની પ્રમાણિત નકલ આપવી. | | |
| ૧૩ | શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીગણની વિગતો આપવી.જે નિયમાનુસાર અધ્યયન કાર્ય તથા વહીવટી કામો હાથ ધરવા માટે પુરતો છે કે કેમ ? તે જણાવવું. | | |
| ૧૪ | (અ) વિદ્યાર્થીઓના છાત્રાલય માટે આયોજન હોય તો તે હવાઉજાસ ધરાવતું મકાન છે? અને બાથરૂમ/ટોયલેટ,કપડા ધોવા,મહેમાનોના રહેવા/જમવા અંગેની પૂરતી વ્યવસ્થાઓ છે કે કેમ ? તે લેખિતમાં આધાર સહ મેળવવું.<br>(બ) જે વિદ્યાર્થીઓ ભાડાના મકાન અથવા સંસ્થાના છાત્રાલયમાં નિવાસ કરતા હોય.તેઓ પર દેખરેખ રાખવા અંગે શી વ્યવસ્થા છે?તેની વિગતો આપવી. | | |
| ૧૫ | ગ્રંથાલય માટેની સગવડો શી છે?તેમાં પુસ્તકો/જર્નલ્સની સંખ્યા જણાવવી તેમજ આદિજાતિ / આર્થિક નબળા વિદ્યાર્થીઓ માટેની બુક બેંક યોજના છે કે કેમ? તેની વિગતો આપવી. | | |
| ૧૬ | લેબોરેટરી મકાન, સાધનો, કોમ્પ્યુટર, પ્રિન્ટર, એ.સી.,ઈન્ટરનેટ વગેરેની સગવડો શરુ કરવાના અભ્યાસક્રમને અનુરૂપ ઉપલબ્ધ છે કે કેમ? તેની વિગતો આપવી. | | |
| ૧૭ | રમત-ગમતના મેદાનની વિગતો આપવી. | | |
| ૧૮ | વિદ્યાર્થીઓ અને સ્ટાફના વિવિધ ઉપયોગ માટેનું ઓડીટોરીયમ અને અન્ય સુવિધાઓ અંગે ની વિગતો આપવી. | | |
| ૧૯ | ટ્રસ્ટ રજીસ્ટ્રેશનની વિગતો આપવી. | | |

| | | | |
|---|---|---|---|
| ૨૦ | સરકારશ્રીના નિયમ અનુસાર અનામત રખવાના ફંડ, રોજબરોજના ખર્ચાની જોગવાઇઓ અંગેની બાંહેધરીઓ સામેલ રાખવાના. | | |
| ૨૧ | યુનિવર્સીટી/ વૈધાનિક સતામંડળો/ સરકારશ્રીના સર્વીસ રૂલ્સ અને પગાર, સ્ટાફની ભરતી, વિદ્યાર્થીઓની ફી, પ્રવેશ તેમજ અભ્યાસક્રમ બંધ કરવા અને રજીસ્ટરો/રેકર્ડ/હિસાબો રાખવા તેમજ ઓલ ઇન્ડિયા સર્વે હાયર એજ્યુકેશન અંગેની અધિકૃત વેબસાઈટ પર સમયાંતરે ડેટા અપલોડ કરવા અને અપડેટ કરવા અંગેના નીતિ-નિયમો પાલન કરવાની બાંહેધરીઓ આપવી. | | |
| ૨૨ | સંસ્થા/ટ્રસ્ટના છેલ્લા બે વર્ષના ઓડીટેડ વાર્ષિક હિસાબોની વિગતો આધાર સાથે સામેલ રાખવી. | | |
| ૨૩ | ટ્રસ્ટ/સંસ્થા વિરૂધ્ધ ન્યાયની અદાલતમાં કોઈ કેસ પડતર હોય અથવા વિરુધ્ધ ચુકાદો આપેલ હોય તો તે અંગેની વિગતો આપવી. | | |
| ૨૪ | અભ્યાસક્રમ શરુ કરતાં પૂર્વે જે તે વૈધાનિક સતામંડળોની પૂર્વ અનુમતિ લેવાની જરૂરિયાત છે કે કેમ? અને જો હા તો, તે મેળવવામાં આવી છે કે કેમ? તે આધાર સહીત જણાવવું. | | |
| ૨૫ | (અ) યુનિવર્સીટી/ રાજ્યસરકાર/ વૈધાનિક સત્તામંડળ દ્વારા મુકાયેલ શરતોનું પરિપાલન સંસ્થા/ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે કે કેમ? જો ના તો, હવે પછી કેટલી સમયમર્યાદામાં પૂરતા કરવામાં આવશે?<br>(બ) વધુમાં યુનિવર્સીટી દ્વારા અગાઉ નીમવામાં આવેલી સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં જે શરતો/ખામીઓની પૂર્તતા કરવા માટે સંસ્થાને જણાવવામાં આવેલ,તેમાંથી હવે કઈ શરતો/ખામીઓની પૂર્તતા કરવાની બાકી છે? અને આ ખામીઓ દુર કરવા અંગે સંસ્થા/કોલેજ દ્વારા શા સુધારાત્મક પગલાં લેવાયા છે, તેની વિગતો આપવી. | | |

(યુનિવર્સિટી રજીસ્ટ્રારના સહી-સિક્કા અને યુનિવર્સિટીનું સીલ)